# કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વિદ્યાર્થીઓને ૧.૧૩ કરોડની સ્કોલરશીપ

**સંસ્થાના પુર્વ ચેરમેન સ્વ. માણેકલાલ પટેલની ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે આરોગ્ય મંત્રીના હસ્તે વિવિધ શાળ-કોલેજો તેમજ શૈક્ષણિક સુવિધાના કામોનું લોકાર્પણ કરાયુ**







## મહાત્મા ગાંધીએ પણ બાળકને શિક્ષણ સંસ્કાર આપવા માટે કડી સર્વ વિદ્યાલયમાં ભણવા મુકવાની સરાહના કરી હતી : નિતીન પટેલ

## સ્કોલરશીપ મેળવનારા વિદ્યાર્થીઓ ભાવિ સમયમાં અન્ય વિદ્યાર્થીઓનુ ભવિષ્ય પણ ઉજજવળ બનાવશે : ચેરમેન વલ્લભાઈ પટેલ

ગાંધીનગર તા ૧૨ કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પુર્વ ચેરમેન સ્વ માણેકલાલ પટેલની ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે કડી શહેરમાં સંસ્થાના ૮૩૭ વિદ્યાર્થીઓને ૧.૧૩ કરોડની શિષ્યવૃતિ એનાયત કરવામાં આવી હતી. આ તબક્કે આરોગ્ય મંત્રીના હસ્તે વિવિધ શાળા કોલેજો સ્પોર્ટસ કોમ્પલેક્ષ, લાયબ્રેરી, રીડીંગ રૂમ,રિસર્ચ લેબોરેટરી,વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર સહીત કર્મચુડામણી સ્વ માણેકલાલ પટેલની પ્રતિમાનુ અનાવરણ કરવામાં આવ્યુ હતુ. આ તબક્કે માર્ગ મકાન મંત્રી નિતિન પટેલે જણાંવ્યુ હતુ કે સર્વ વિદ્યાલય જેવી સંસ્થાઓ થકી વિકસિત સમાજ અને રાષ્ટ્રનુ નિર્માણ થાય છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પુર્વ ચેરમેન સ્વ માણેકલાલ પટેલની ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે આજે મહેસાણા જિલ્લાના કડી શહેરમાં વિવિધ લોકાર્પણ વિધિ યોજવામાં આવી હતી. આરોગ્ય મંત્રી નિતિન પટેલના હસ્તે વિવિધ શાળા કોલેજો અને છાત્રાલયોનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. સંસ્થાના ધરોહર સમા છગનભાની પ્રતિમા દર્શન ઈન્ડોર સ્પોર્ટસ કોમ્પલેક્ષ તેમજ સ્વ માણેકલાલ પટેલની પ્રતિમાનુ પણ અનાવરણ કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત પોસ્ટ ગ્રેજયુએટ સ્ટડીઝ એન્ડ રીસર્ચ,કુમાર છાત્રાલય,વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર, કોમ્પ્યુટર સેન્ટર સેમિનાર હોલ, લાયબ્રેરી તેમજ રીસર્ચ લેબોરેટરીનુ પણ તેમના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમ દરમિયાન સંસ્થાના ૮૩૭ વિદ્યાર્થીઓને ૧.૧૩ કરોડની શિષ્યવૃતિ એનાયત કરવામાં આવી હતી. આ તબક્કે મોટી સંખ્યામાં ઉપસ્થિત દાતાઓ તેમજ શાળાના ભુતપુર્વ વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ દરમિયાન આરોગ્ય મંત્રી નિતિન પટેલે જણાંવ્યુ હતુ કે રાજયમાં શૈક્ષણિક ક્ષેત્રે કડી સર્વ વિદ્યાલયે નામના મેળવી છે. પુ છગનભા તેમજ સ્વ માણેકલાલ પટેલ જેવા કર્મયોગીઓ અને શિક્ષણપ્રમીઓની મહેનત અને પ્રયત્નોથી સંસ્થા આજે વિશ્વ વિદ્યાલયમાં રૂપાંતર પામી છે. સંસ્થા થકી લાખો વિદ્યાર્થીઓના જીવનમાં પરિવર્તન આવ્યુ છે.કડીમાં ૧૮ હજાર તેમજ ગાંધીનગરમાં ૩૬ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે. વર્ષ ૧૯૧૯ દરમિયાન શરૂ થયેલી કડી સર્વ વિદ્યાલય આજે શિક્ષણનુ વટવૃક્ષ બન્યુ છે. મહાત્મા ગાંધીએ પણ ૨૭ સપ્ટેમ્બરના રોજ ૧૯૨૯ના વર્ષમાં જણાંવ્યુ હતુ કે તમારા બાળકને શિક્ષણ સાથે સંસ્કાર આપવા હોય તો કડી સર્વ વિદ્યાલયમાં ભણવા મુકો. આરોગ્ય મંત્રીએ કડી સર્વ વિદ્યાલયના માર્ગને માણેકલાલ માર્ગનુ નામાંકરણ કરવાની નગરપાલિકા વતી જાહેરાત પણ કરી હતી. કડી કેળવણી મંડળના ચેરમેન સરદાર વલ્લભભાઈ પટેલે જણાંવ્યુ હતુ કે આ તબક્કે સંસ્થા દાતાઓનો આભાર માને છે. દાતાઓના સહયોગથી વિદ્યાર્થીઓને ૧.૧૩ કરોડની સ્કોલરશીપ એનાયત કરવામાં આવી છે. જે તેમના પરસેવાની કમાણી છે. આ વિદ્યાર્થીઓ પણ ભવિષ્યમાં પરિવાર ,સમાજ, તેમજ મિત્ર વર્તુળમાં ઉપયોગી બની સંસ્થાની આ શૈક્ષણિક પ્રવૃતિઓમાં પણ મદદરૂપ થઈ અન્ય વિદ્યાર્થીઓના ભવિષ્યને ઉજજવળ બનાવવા પ્રયાસ કરશે તેવી આશા વ્યકત કરી હતી.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



**સ્વામીજીનાં વખતમાં... દેશમાં ધર્મ રાજ હતું 'તેથી'... તેમણે વિદેશ જઈ ધર્મસભા સંબોધી... અત્યારે... તમારા જેવા દેશમાં રહ્યા છે... અને સાધુઓ બહાર ધર્મસભા ગજવવા લાઈનમાં ઊભા છે...!!**

# વલાદમાં વનડે ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા ચાર શખ્સો ઝડપાયા

**પોલીસે દરોડો પાડીને ૧.૧૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો : ૧૮ મોબાઈલ પકડાયા**

ગાંધીનગર, તા. ૧૨ ડભોડા પોલીસે આજે ભારત-ઓસ્ટ્રેલિયા વન-ડે ક્રિકેટ મેચ પર વલાદ ગામમાં સટ્ટો રમી રહેલા ચાર શખ્સોને ઝડપી પાડ્યા હતા. ૧૮ મોબાઈલ, લેપટોપ, ટીવી તથા ક્રિકેટના સટ્ટાના સોદાની ચિઠ્ઠીઓ સહિત વાહનો મળી કુલ રૂ. ૧.૧૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને ચાર સટોડીયાની ધરપકડ કરી સઘન પુછપરછ હાથ ધરવામાં આવી છે.

ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકી તથા તેમની ટીમે ચોક્કસ બાતમીને આધારે વલાદ ગામમાં એક મકાનમાં દરોડો પાડ્યો હતો. ભારત-ઓસ્ટ્રેલિયા ક્રિકેટ વનડે મેચ પર ક્રિકેટ સટ્ટો રમી રહેલા બાપુનગરના હિતેશ ચીન્ટુભાઈ ભટ્ટ, નરોડાના મૌનીલ વિનુભાઈ પટેલ, નિકોલના રસીક પુરષોત્તમભાઈ પટેલ અને અલ્પેશ રામજીભાઈ પટેલ મળીને ચાર સટ્ટોડીયાઓને પોલીસે પકડી પાડ્યા હતા. ૧૮ નંગ મોબાઈલ, રોકડ રૂ. ૩ હજાર તથા એક ટીવી, લેપટોપ અને મોબાઈલના ચાર્જરો ઉપરાંત સોદાની ચિઠ્ઠીઓ ઉપરાંત બે બાઈક મળીને કુલ રૂ. ૧,૧૩,૮૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને ચારેયની ધરપકડ કરી તપાસનો દોર શરૂ કરવામાં આવ્યો છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર શહેરના શાકમાર્કેટમાં ભારે ઘરાકી જોવા મળી રહી છે જ્યારે પતંગ બજારમાં હજુ જોઈએ તેવી ઘરાકી જામી નથી.

● ગાંધીનગર શહેરમાં મચ્છરોનો ઉપદ્રવ જોવા મળતાં જ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફિઝીયોથેરેપી યુનિટ ચોથા મજલે ખસેડાતાં દર્દીઓની મુશ્કેલીમાં વધારો થયો છે. સિવિલ સત્તાવાળાઓએ માનવીય અભિગમ દાખવી ભોંયતળિયે જગ્યા ફાળવવી જોઈએ તેવી માંગ ઉઠી રહી છે.

● જિલ્લા ફેર થઈ આવેલા તલાટીઓની નિમણુંકના હૂકમો જારી કરાયા છે.

● ઉત્તરાયણના દિવસે પવન સારો રહેવાની હવામાન ખાતાએ કરેલી આગાહીથી પતંગરસિયાઓ ઉત્સાહમાં આવ્યા છે. પણ મોંઘવારીને લઈ ઉત્સાહ નિયંત્રિત કરતા પણ દેખાઈ રહ્યા છે.

● પલ્સ પોલિયો અભિયાન અંગે જિલ્લા ટાસ્કફોર્સની બેઠક આજે યોજાઈ હતી.

● ગાંધીનગરના બિલ્ડરોએ મુખ્યમંત્રીની મુલાકાત લીધી હતી.




# શહેરમાં સ્વામી વિવેકાનંદજીની ભવ્ય શોભાયાત્રા

**શોભાયાત્રામાં ૫૦૦થી વધુ યુવાનો બાઈક સાથે જોડાયા**



ગાંધીનગર,તા.૧૨ આજે સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિ પ્રસંગે ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચા દ્વારા ''સ્વામી વિવેકાનંદ શોભાયાત્રા''નું આયોજન પ્રદેશ અધ્યક્ષ પ્રદિપસિંહ વાઘેલા અને શહેર ભાજપ યુવા મોરચા પ્રમુખ પદમસિંહ ચૌહાણના નૈતૃત્વમાં કરવામાં આવ્યું હતું. શહેરના સેકટર-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિર ના ચોક ખાતે થી સવારે દશ કલાકે ૫૦૦ વધુ બાઈક લઈને જોડાયેલ યુવાનો અને હોદેદારોને પ્રદેશ પ્રવકતા આઈ.કે.જાડેજાએ ફલેગ બતાવી શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. શોભાયાત્રા નગરના વિવિધ માર્ગો પર ફરી હતી જયાં યુવાનો અને નાગરિકોએ ઠેર-ઠેર સ્વાગત કર્યું હતું. યુવાનોએ ભારત માતા કી જય ના નારા લગાવતા સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાજપના વિવિધમોરચાઅને સેલના હોદેદારો તેમજ યુવા કાર્યકરો હાજર રહ્યા હતા.



યુગ પુરુષ સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ પ્રસંગે પ્રદેશ ભાજપ યુવા મોરચા દ્વારા સમગ્ર રાજયના ૫૪૦ શહેરોમાં પર વિવેકાનંદ પૂજન અને શોભાયાત્રાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતગર્ત ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચા દ્વારા આયોજીત શોભાયાત્રાના પ્રસંગે ઉપસ્થિત પ્રદેશ પ્રવકતા આઈ.કે. જાડેજાએ હાજર યુવાનોને સંબોધતા જણાવ્યું હતું કે હાલમાં સમગ્ર વિશ્વમાં વસ્તીની દ્રષ્ટિએ સૌથી વધુ યોવાનો ધરાવતો દેશ ભારત છે. આગામી સમયમાં આ યુવાનો જ ભારતને રાષ્ટ્રગુરુ બનાવાની તાકાત ધરાવે છે. ભારતના યુવાનોની મદદથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જોયેલું ''મેક ઈન ઈન્ડીયા''નું સ્વપ્ન આપણે સૌએ સાથે મળી સાર્થક કરવાનું છે. સેકટર-૪ ઓમકારેશ્વર ખાતે થી સવારે દશ કલાકે નીકળેલી શોભાયાભા વિવિધ સેકટરો તેમજ શહેરના માર્ગો પરથી પસાર થઈ હતી. શહેરના યુવાનો તેમજ નાગરિકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સિવિલ કેમ્પસ સ્થિત આવેલી સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને યુવા કાર્યકરોએ, હોદેદારોએ પૂષ્પાંજલિ અર્પણ કરી શોભાયાત્રાની પૂર્ણાહુતી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ, મહાનગરના મેયર હંસાબેન મોદી, ડે.મેયર કાર્તિક પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, શહેર ભાજપ અધ્યક્ષ નિતિનભાઈ પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, ગુડાના ચેરમેન આશિષ દવે, મનપા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન રાકેશ પટેલ, કોરપોરેટરો, ગાંધીનગર યુવા મોરચાના પ્રભારી રુત્વીજ પટેલ,યુવા મારચાના મહામંત્રી મયુર પટેલ, ધવલ દવે સહિત વિવિધ મોરચા તેમજ સેલના હોદેદારો હાજર રહીને શોભાયાત્રામાં જોડાયા હતા.

## પેથાપુરમાં વિવેકાનંદ જયંતિની ઉજવણી કરાઈ

ગાંધીનગર નજીક આવેલ પેથાપુર શહેર ખાતે સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ પ્રસંગે સાંજે ધારાસભ્ય અશોકભાઈ પટેલની ઉપસ્થિતિમાં યુવાનોએ શોભાયાત્રાનો પ્રારંભ કર્યો હતો. સ્વામી વિવેકાનંદજીના જીવનમાંથી પ્રેરણા, માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે હેતુથી વિવેકાનંદ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાજપના યુવા કાર્યકરો તેમજ હોદેદારો હાજર રહ્યા હતા.